# રાજ્યમાં વધુ ૨૨૬ નવા કેસ : અમદાવાદમાં ૧૬૫ : ગાંધીનગરમાં ૫

**વિશ્વેશ્વર શું હજી વિચારો, બાજી હાથ છતાં કાં હારો ? મહા મૂંઝારો અમારો, નટવર ટાળજો રે !**

ઘરમાં રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

આ વેકેશન નથી મેડીકલ ઈમરજન્સી છે

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૪૯ | ૨૯ એપ્રિલ, ૨૦૨૦, બુધવાર; વૈશાખ સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# દેશમાં ઘેરું બનતું કોરોના સંકટ

**કોરોના સંકટઃ દેશમાં ૨૪ કલાકમાં ૬૨ના મોત, ૧૫૪૩ નવા કેસ : સંક્રમિતોનો આંકડો ૩૦ હજારની નજીક : કુલ મૃત્યુઆંક ૯૪૦ : પ.બંગાળમાં કોરોનાથી બે ડોક્ટરોના મોત, ૮૦ જિલ્લામાં ૭ દિવસથી અને ૪૭ જિલ્લામાં ૧૪ દિવસથી એક પણ કોરોનાનો કેસ સામે આવ્યો નથી : મંગળવારે મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૮,૫૯૦ પોઝિટિવ કેસ, ગુજરાત ૩,૫૪૮ કેસ સાથે બીજા ક્રમે, ૬૮૬૮ લોકો ડિસ્ચાર્જ કરાયા**



ન્યુ દિલ્હી,તા.૨૮

આખી દુનિયામાં ભારે હાહાકાર મચાવનાર માનવથી માનવમાં ફેલાતા ચેપી રોગ કોરોના મહામારીનો ભારત પણ સામનો કરી રહ્યો છે. દેશમાં કોરોના પોઝીટીવના રોજના નવા કેસોમાં ઉમેરો થઈ રહ્યો છે. આરોગ્ય મંત્રાલયે મંગળવારે સવારે જણાવ્યુ કે કોરોનાથી દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૬૨ મોત અને ૧૫૪૩ નવા કેસ સામે આવ્યા છે. ભારતમાં મોતના કેસમાં વધારો જોવા મળ્યો છે. અન્ય રીતે જોઈએ તો ભારતમાં દર એક કલાકે બે કરતાં વધુ મોત નોંધાયા છે. મંત્રાલયના જણાવ્યા મુજબ હવે ભારતમાં કોરોના વાયરસના પૉઝિટીવ કેસોની કુલ સખ્યા વધીને ૨૯૬૬૪ થઈ ગઈ છે. જેમાં ૨૧૬૩૨ સક્રિય કેસ છે. આમાં ૬૮૬૮ લોકો રિકવર/ડિસ્ચાર્જ, ૯૪૦ મોત થયા છે. ભારત હાલમાં લોકડાઉન-૨ હેઠળ છે. જે ૩ મે પછી વધુ લંબાવવાની શક્યતા છે.

દરમ્યાનમાં કેન્દ્રીય આરોગ્ય મંત્રી ડો. હર્ષવર્ધને આજે મંગળવારે જણાવ્યું કે દેશના ૮૦

● અનુસંધાન પાન-૭ પર

## ભારતમાં ૨૬ જુલાઈ સુધીમાં કોરોનાના અંતની શક્યતા : રિસર્ચ

**૯ ડિસેમ્બર સુધીમાં વિશ્વ કોરોના મુક્ત થાય તેવી સંભાવના**

ન્યુ દિલ્હી,તા.૨૮

વિશ્વભરના દેશોમાં કોરોના વાયરસનું સંક્રમણ ઝડપથી ફેલાઈ રહ્યું છે. કોરોના સંક્રમણને અટકાવવા માટે દુનિયાભરના કેટલાય દેશમાં લોકડાઉન કરી દેવામાં આવ્યું છે અને વૈજ્ઞાનિક દિવસ રાત એક કરીન કોરોનાને હરાવવા માટેના પ્રયાસો કરી રહ્યા છે. સિંગાપુર યૂનિવર્સિટી ઑફ ટેક્નોલોજીના સંશોધનકારોએ દાવો કર્યો છે કે ૯ ડિસેમ્બર સુધીમાં દુનિયાભરમાં કોરોના ખતમ થઈ શકે છે. ભારત વિશે અંદાજો લગાવતા કહ્યુ છે કે ભારતમાં ૨૬ જુલાઈ સુધીમાં કોરોના ખતમ થઈ શકે છે.

કોરોના વાયરસે દુનિયાને ઘરમાં કેદ કરી રાખ્યા છે. લોકોને એક જ વાત પરેશાન કરી રહી છે આ કોરોનાનો અંત ક્યારે આવશે. શું લોકડાઉન ખુલ્યા પછી પણ કોરોનાથી ક્યારે મુક્તિ મળશે. સિંગાપુર યૂનિવર્સિટી ઑફ ટેક્નોલોજી એન્ડ ડિઝાઈનના સંશોધનકારોએ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ડેટા એનાલિસિસ મારફતે દુનિયાને આશાવાદી માહિતી આપી છે.

અભ્યાસ અનુસાર, દુનિયાના તમામ દેશમાંથી ડિસેમ્બરની શરૂઆત સુધીમાં કોરોનાનો અંત આવી જશે. અભ્યાસમાં જણાવ્યું છે કે અમેરિકામાં ૨૭ ઑગષ્ટ, સ્પેનમાં ૭ ઑગષ્ટ, ઈટલીમાં ૨૫ ઑગષ્ટ અને ભારતમાં ૨૬ જુલાઈ સુધીમાં કોરોના ખતમ થઈ જશે.

સંશોધનકારોએ આ મહામારી ખતમ થવાના ત્રણ અંદાજિત સમય વિશે માહિતી આપી હતી. અભ્યાસમાં દરેક દેશના વાતાવરણ અને

● અનુસંધાન પાન-૭ પર

## આ સપ્તાહમાં ૮૦ જિલ્લાઓમાં કોરોનાનો એક પણ કેસ નહિ

ન્યુ દિલ્હી,તા.૨૮

કોરોના વાયરસને લઈને દેશભરમાં ડરનો માહોલ પેદા થયો છે. આ વચ્ચે સ્વાસ્થય મંત્રાલયે વાયરસની વેક્સીનને લઈને સમીક્ષા બેઠક યોજી હતી. આ બેઠકમાં કેન્દ્રીય મંત્રી ડો.હર્ષવર્ધન પણ હાજર રહ્યા હતા. ડો. હર્ષવર્ધને કહ્યું કે, ગત ૧૪ દિવસોમાં આપણો ડબલિંગ રેટ ૮.૭ રહ્યો છે. જયારે કે, ૭ દિવસોમાં તે ૭.૨ હતો, ગત બે દિવસોમાં તે લગભગ ૧૦.૯ રહ્યો છે.

ડો. હર્ષવર્ધને કહ્યું કે, ગત ૭ દિવસોમાં ૮૦ જિલ્લાઓમાં કોરોનાનો એક પણ નવો કેસ સામે આવ્યો નથી. ગત ૨૮ દિવસોમાં ૧૭ જિલ્લાઓમાં કોઈ કોરોનો પોઝિટિવ કેસ નોંધાયો નથી.

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૩૦૯૪૯૬૪ | ૨૧૩૪૩૭ | ૮૧૩૩૧૯ |
| ભારત | ૩૦૪૨૪ | ૯૭૭ | ૭૪૧૨ |
| ગુજરાત | ૩૭૭૫ | ૧૮૧ | ૪૩૪ |
| ગાંધીનગર | ૩૬ | ૦૨ | ૧૪ |

## દેશની તુલનાએ મહારાષ્ટ્ર-અમદાવાદમાં સરેરાશ મૃત્યુદર વધ્યો

**અમદાવાદમાં કોરોનાનો મૃત્યુ દર ૪.૭૧ ટકા થયો છે જે દેશના કેટલાક મોટા શહેરોના કોરોનાના મૃત્યુ દરની તુલનામાં વધારે છે**

ન્યુ દિલ્હી,તા.૨૮

મહારાષ્ટ્ર રાજ્યમાં કોરોના વાઈરસનો પ્રભાવ દિવસેને દિવસે વધી રહ્યો હોવાથી રાજ્ય સરકારની ચિંતામાં વધારો થયો છે. દેશની સરખામણીએ મહારાષ્ટ્ર રાજ્યમાં મૃત્યુનું પ્રમાણ વધી રહ્યું હોવાનો દાવો રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવ્યો હતો.

ભારતમાં કોરોના વાઈરસને કારણે થતા સરેરાશ મૃત્યુની ટકાવારી ૩.૧૩ ટકા સુધી પહોંચી છે ત્યારે મહારાષ્ટ્ર રાજ્યમાં કોરોનાના સૌથી વધુ કેસ નોંધાઈ રહ્યા હોવાથી કોરોનાગ્રસ્ત દરદીઓની સંખ્યા ૮,૦૦૦ને પાર થઈ ગઈ છે. ૧૯ નવા મોતની પુષ્ટિ થયા બાદ રાજ્યનો મૃત્યુઆંક ૩૪૨ સુધી પહોંચ્યો છે. આ સાથે સરેરાશ મૃત્યુ દર વધીને ૪.૨૪ ટકા થઈ ગયો હોવાને કારણે રાજ્ય સરકારની ચિંતામાં વધારો થયો છે, એવું મહારાષ્ટ્ર રાજ્યના આરોગ્ય ખાતા દ્વારા સોમવારે સત્તાવાર નિવેદન જાહેર કરવામાં આવ્યું હતું.અત્યાર સુધી દેશભરમાં કોરોનાના ૨૭,૦૦૦ કરતાં વધુ કેસ મળી આવ્યા છે, જેમાં ૬,૦૦૦ કરતાં વધુ દરદીઓ સાજા થઈ શક્યા છે, જ્યારે ૮૭૨ કરતાં વધુ લોકો આ બીમારીનો ભોગ બન્યા છે. દરમિયાન અમદાવાદમાં કોરોનાને કારણે મૃત્યુ પામેલા લોકોની સંખ્યા સોથી વધી ગઈ છે સાથે શહેરમાં કોરોનાનો મૃત્યુ દર ૪.૭૧ ટકા થયો છે જે દેશના કેટલાક મોટા શહેરોના કોરોનાના મૃત્યુ દરની તુલનામાં વધારે છે. અમદાવાદના મ્યુનિસિપલ કમિશનર વિજય નેહરાએ સોમવારે જણાવ્યું હતું કે કોરોનાનો મૃત્યુ દર નીચો લાવવા માટે દરેક લોકોએ વરિષ્ઠ નાગરિકોની વધુ સારસંભાળ લેવાની જરૂર છે કારણ કે તેઓને કોરોનાનો ચેપ લાગવાની શક્યતા વધારે છે. અમદાવાદમાં કોરોનાનો મૃત્યુ દર સમગ્ર ગુજરાતમાં સૌથી વધુ છે. અહીં કોરોનાના કુલ ૩,૩૦૧ કેસમાંથી ૧૫૧ દર્દી મૃત્યુ પામ્યા છે એટલે કે મૃત્યુ દર ૪.૫૭ ટકા છે.

## છેલ્લે... છેલ્લે...

- એશીયન ડેવલપમેન્ટ બેંકે કોરોના સામેના જંગમાં ભારતને ૧.૫ અબજ ડોલરની લોન આપી
- કોરોનાના કોઈ લક્ષણો ન હોવા છતાં કોરોના પોઝિટિવ દર્દી શરતોને આધીન પોતાના ઘરે રહી સારવાર લઈ શકશે એમ ગુજરાતના આરોગ્ય વિભાગના પરિપત્રમાં જણાવાયું છે.
- અમદાવાદમાં વધુ ૧૦ પોલીસકર્મીઓ સહિત કુલ ૧૦૪ પોલીસ કર્મીઓને કોરોના પોઝિટિવ. જેમાંથી ૧૫ સાજા થયા છે.
- અમદાવાદના જમાલપુરમાં એક સાથે ૨૦ને કોરોન્ટાઈન કરાયા છે.
- કોરોના વાયરસથી દિલ્હીમાં સીઆરપીએફ જવાનનું મૃત્યુ.
- દેશમાં સૌથી વધુ કોરોના સંક્રમિત રાજ્યો

| | |
|---|---|
| મહારાષ્ટ્ર | ૮૬૯૦ |
| ગુજરાત | ૩૭૭૪ |
| દિલ્હી | ૩૧૦૮ |
| મધ્યપ્રદેશ | ૨૩૮૭ |
| રાજસ્થાન | ૨૩૬૪ |
| તામીલનાડુ | ૨૦૫૮ |
| ઉત્તરપ્રદેશ | ૨૦૫૩ |
| આંધ્રપ્રદેશ | ૧૨૫૯ |
| તેલંગણા | ૧૦૦૯ |

## ભારતીય કંપનીને કોરોનાની રસી સપ્ટેમ્બર સુધીમાં તૈયાર થઈ જવાની આશા છે

**ઓક્સફોર્ડ યૂનિવર્સિટી સાથે ભારતીય કંપની સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાના કરાર**



લંડન,તા.૨૮

દુનિયાના સૌથી મોટા રસીના નિર્માતા અને સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાના પ્રમુખ અદર પૂનાવાલાએ એક ન્યૂઝ ચેનલને ઈન્ટરવ્યૂ આપતા જણાવ્યું કે બહું જલ્દી કોરોના વાયરસની રસી બજારમાં આવી જશે. સપ્ટેમ્બર મહિનાના અંત સુધીમાં આ રસી તૈયાર થઈ જશે. આ રસીની કિંમત આશરે ૧૦૦૦ રૂપિયા હશે.

પૂનાવાલાએ જણાવ્યું કે, અમે મે મહિનાના અંત સુધીમાં મેન્યુફેક્ચરિંગ પર કામ શરૂ કરી દઈશું. જો સપ્ટેમ્બર અથવા ઓક્ટોબર સુધીમાં ટ્રાયલ પૂર્ણ થઈ જશે તો અમારી પાસે કોરોનાની રસીનો જથ્થો રહેશે કે જેને અમે ભારત અને દુનિયા સુધી પહોંચાડી શકીશું.

● અનુસંધાન પાન-૭ પર

## અખબારોના વિતરણથી કોરોના ફેલાતો નથી : મુંબઈ હાઈકોર્ટ

મુંબઈ,તા.૨૮

અખબારોનું વિતરણ કરવાથી કોરોના વાઈરસ ચેપ ફેલાય છે એવા મહારાષ્ટ્રની ઉદ્ધવ ઠાકરે સરકારના વલણની મુંબઈ હાઈકોર્ટની ઔરંગાબાદ બેન્ચે ઝાટકણી કાઢી છે અને કહ્યું છે કે સરકારે આવા અંધશ્રદ્ધા અને અપ્રમાણિત નિવેદન? કરવા ન જોઈએ.

કોર્ટે કહ્યું કે આરોગ્ય ક્ષેત્રના નિષ્ણાતોને પૂછ્યા વગર આવા નિવેદનો કરવા યોગ્ય નથી. કોરોનાનો ફેલાવો રોકવા માટે ઘેર-ઘેર અખબારોનું વિતરણ બંધ કરવાના મહારાષ્ટ્ર સરકારના નિર્ણયને પડકારતી અરજી પર ન્યાયમૂર્તિ પી.બી. વરાલેની આગેવાની હેઠળની બેન્ચે સુનાવણી કરી હતી.

ઘેર-ઘેર અખબારોનું વિતરણ રોકી દેવાના રાજ્ય સરકારના નિર્ણયની ચોમેર ટીકા કરવામાં આવી છે. જો કે સરકારે એના નિર્ણયમાં થોડીક ઢીલ મૂકીને મુંબઈ, પુણે શહેરો તથા કોરોનાગ્રસ્ત વિસ્તારોને બાદ કરતાં રાજ્યના અન્ય ભાગોમાં અખબારોનું ઘેર-ઘેર વિતરણ કરવા દેવાની છૂટ આપી છે.રાજ્ય સરકારના વકીલ ડી.આર. કાળેએ એક સોગંદનામામાં કોર્ટને જણાવ્યું હતું કે કોરોના વાઈરસના વિષાણુઓ કોઈ સપાટી પર લાંબા સમય સુધી પડ્યા રહે છે. અખબારો એક હાથમાંથી બીજા હાથમાં પસાર થતા હોવાથી આ રોગનો ચેપ લાગવાની સંભાવના રહે છે.

● અનુસંધાન પાન-૭ પર

## નીતિ આયોગના કર્મચારી કોરોના પોઝિટિવ આવતા સમગ્ર બિલ્ડિંગ સીલ કરાયું

ન્યુ દિલ્હી,તા.૨૮

નવી દિલ્હી સ્થિત નીતિ આયોગના એક કર્મચારીને કોરોના થયો હોવાનું જણાતા બિલ્ડિંગને ૪૮ કલાક માટે અર્થાત બે દિવસ સુધી સીલ કરી દેવાયું છે. વરિષ્ઠ અધિકારીના જણાવ્યા મુજબ એક ડાયરેક્ટર લેવલના અધિકારીનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો.

આ અધિકારી નીતિ ભવનમાં ફરજ બજાવતા હતા અને તેઓનો મંગળવારે સવારે રિપોર્ટ પોઝિટિવ આવ્યો હોવાનું જણાયું હતું. આ અધિકારીએ જાતે જ સત્તાધીશોને જાણ કરી હોવાનું નીતિ આયોગના સલાહકાર આલોક કુમારે માહિતી આપતા જણાવ્યું હતું.

નીતિ આયોગના કર્મચારીને કોરોના થતા તેના સંપર્કમાં આવેલા તમામ લોકોને સેલ્ફ કોરેન્ટાઈનમાં જવાની સલાહ આપવામાં આવી છે. સ્વાસ્થ્ય મંત્રાલયે જાહેર કરેલા પ્રોટોકોલનું અમે પાલન કરી રહ્યા છીએ અને તમામ પ્રક્રિયાનું પણ પાલન કરાશે તેમ કુમારે વધુમાં ઉમેર્યું હતું.

## એરટેલની નોકિયા સાથે ૭૬૩૬ કરોડની ડીલ

**૨૦૨૨નાં અંત સુધી લગભગ ૩ લાખ રેડિયો યૂનિટ્સ લગાવશે**

ન્યુ દિલ્હી,તા.૨૮

જયારથી રિલાયન્સ જિયોએ ટેલિકોમ માર્કેટમાં એન્ટ્રી મારી છે, ત્યારથી બાકી તમામ ટેલિકોમ કંપનીઓને જોરદાર ટક્કર મળી રહી છે. પરિણામ એ આવ્યું કે તેમને ઘણું નુકસાન પણ થયું છે. રિલાયન્સ જિયોને મજબૂતીથી ટક્કર ફક્ત એરટેલ જ આપી રહ્યું છે. મોટાભાગનાં લોકો એરટેલનો ઉપયોગ તેના સારા નેટવર્કનાં કારણે કરે છે. આ દરમિયાન એરટેલે પોતાના ૪ર નેટવર્કને મજબૂત બનાવવા માટે અને પર નેટવર્કની ક્ષમતા વધારવા માટે નોકિયાની સાથે ડીલ કરી છે.

એટલે કે હવે એરટેલનું નેટવર્ક પહેલાથી પણ વધારે સારું થઈ જશે, જે તેના ગ્રાહકો માટે એક ખુશખબર છે. એરટેલ અને નોકિયાની વચ્ચે આ ડીલ ૧૦૦ કરોડ ડૉલર એટલે કે લગભગ ૭,૬૩૬ કરોડ રૂપિયામાં થઈ છે. કહેવામાં આવી રહ્યું છે કે આવનારા સમયમાં પર કનેક્ટિવિટી માટે નોકિયા ૨૦૨૨નાં અંત સુધી લગભગ ૩ લાખ રેડિયો યૂનિટ્સ લગાવશે. નોકિયાએ એક નિવેદનમાં કહ્યું છે કે તે ભારતની ત્રીજી સૌથી મોટી ટેલિકોમ કંપની ભારતી એરટેલની સાથે થયેલી ડીલ અંતર્ગત ઉપકરણ અને સેવાઓ આપશે.

ઉલ્લેખનીય છે કે એરટેલનાં નેટવર્કમાં નોકિયા સૌથી મોટું ૪ર વેંડર છે. નોકિયાનાં સીઈઓ રાજીવ સૂરી કહે છે કે આ ડીલ દુનિયાનાં ટેલિકોમ માર્કેટનાં ભવિષ્ય માટે એક મહત્વનો કરાર છે. આ ભારતમાં નોકિયાની સ્થિતિને મજબૂત કરશે. સાથે મળીને સારી પર કનેક્ટિવિટી માટે કામ કરશે.

તો એરટેલનાં એમડી અને સીઈઓ ગોપાલ વિઠ્ઠલે કહ્યું છે કે એરટેલ અને નોકિયા છેલ્લા લગભગ એક દશકથી સાથે કામ કરી રહ્યા છે અને નોકિયાનાં એસઆઈએએન પ્રોડક્ટ્સનો ઉપયોગ કરીને ખુશ છે, જેનાથી અમારા નેટવર્કની ક્ષમતા વધારવામાં મદદ મળશે.

## ઉત્તર પ્રદેશમાં બે સાધુઓની હત્યા

બુલંદશહર,તા.૨૮

સોમવારે મોડી રાત્રે ઉત્તર પ્રદેશના બુલંદશહેરમાં બે સાધુઓની તીક્ષ્ણ હથિયાર દ્વારા હત્યા કરવામાં આવી છે. સાધુઓના હત્યાથી ગ્રામીણોમાં ખૂબ જ ગુસ્સો છે. હાલ ઘટનાની જાણકારી મળતા ઘટનાસ્થળ પર પોલીસ તહેનાત છે. પ્રાપ્ત માહિતી મુજબ, સાધુ જગનદાસ (૫૫ વર્ષ) અને સેવાદા (૩૫ વર્ષ) છેલ્લા ૧૦ વર્ષથી બુલંદશહેરના અનૂપશહેર કોતવાલીના ગામ પગોનામાં સ્થિત શિવ મંદિરમાં રહેતા હતા. બંને સાધુ મંદિરમાં રહીને પૂજા-અર્ચનામાં જ મગ્ન રહેતા હતા.